# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૩૧૧ । વિક્રમ સંવત ૨૦૮૧ : જેઠ વદ ૦૪ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 311 • Dt.15-06-2025 Sunday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


**15** JUNE- 2025 SUNDAY



P.07

દીપિકા કક્કર ટ્યુમર મુક્ત' છે, પરંતુ ઉમેર્યું કે હજુ વધુ સારવારની જરૂર છે



P.07

હૈદરાબાદની માલિક કાવ્યા મારન એક સંગીતકાર સાથે સંબંધમાં છે



ઇઝરાયલ-ઈરાન યુદ્ધ ઇન્ડિગોએ એડવાઇઝરી જારી કરી । વિદેશ જતા ભારતીયોને અપીલ કરી 07



શુભાંશુ શુક્લા ૧૯ જૂને અવકાશમાં જઈ શકે છે । ફાલ્કન ૯ રોકેટની ખામી દૂર થઈ ગઈ 07

**રાજ્યમાં હવામાન ગરમ અને વાદળછાયું રહેશે**

## સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદી માહોલ યથાવત્

# ગુજરાતમાં આગામી ૫ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી

## આવતીકાલે સાબરકાંઠા, અરવલ્લી, રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદમાં અસહ્ય ગરમી વચ્ચે વાવાઝોડા સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. આવતીકાલે એટલેકે ૧૫ જૂનના રોજ અમદાવાદમાં બપોર બાદ વાવાધોડા સાથે વરસાદ અથવા ઝરનર વરસાદની શક્યતા છે. હવામાન ગરમ અને વાદળછાયું રહેશે. તેવી જ રીતે, ૧૬ થી ૨૦ જૂન દરમિયાન દરરોજ કેટલાક સ્થળોએ વાવાઝોડા સાથે વરસાદ અથવા ઝરમર વરસાદની શક્યતા છે. આમ આવતીકાલે વરસાદ પડશે તો અમદાવાદીઓને ગરમીમાંથી આંશિક રાહત મળે તેવી શક્યકતા છે.રાજ્યમાં મધ્ય ગુજરાત સહિતના કેટલાક વિસ્તારોમાં ગરમી પડી રહી છે. જ્યારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદી માહોલ યથાવત્ છે, ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૫ દિવસ ભારેથી અતિભારે વરસાદને લઈને યલો-ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે. જેમાં આવતીકાલે સાબરકાંઠા, અરવલ્લી, રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદને પગલે યલો ઍલર્ટ જાહેર કર્યું છે.આગામી ૧૯ જૂન સુધી રાજ્યના કયા જિલ્લામાં કેવો રહેશે વરસાદી માહોલ.



હવામાન વિભાગની આગાહી મુજબ, આવતીકાલે રવિવારે (૧૫ જૂન) ૧૫ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. જેમાં અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગીજવીજ સાથે અતિભારને વરસાદને પગલે ઑરેન્જ ઍલર્ટ અને રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, અરવલ્લી, મહીસાગર, દાહોદ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ જિલ્લામાં ગીજવીજ સાથે ભારે વરસાદને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યું છે.

**અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં કાટમાળમાંથી વધુ એક મૃતદેહ મળી આવ્યો**

# અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના : ઝડપથી મૃતદેહો પરિવારને મળે તેવા પ્રયત્ન ચાલુ : હર્ષ સંઘવી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં કાટમાળમાંથી વધુ એક મૃતદેહ મળી આવ્યો છે, બીજી બાજુ ડીએનએ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. ૨૭૪ જેટલા લોકોનાં મોત થયા છે.વિમાન દુર્ઘટના બાદ કાટમાળમાંથી આજે એક મૃતદેહ મળ્યો છે જે એર હોસ્ટેસનો હોવાનું જણાઈ રહ્યું છે.ડીએનએ મેચ થયા બાદ મૃતદેહ કોનો છે તે સ્પષ્ટ થશે. મળતી માહિતી મુજબ ૨૫૦ જેટલા મૃતકોનાં ડીએનએ સેમ્પલ લેવામાં આવ્યા છે. શરીર બળી જવાથી હાડકા, ખોપરી, દાંત વગેરેનાં સેમ્પલ લેવામાં આવી રહ્યાં છે. સેમ્પલ લીધાને ૭૨ કલાક બાદ જે તે વ્યક્તિની સાચી ઓળખ થશે તેમ જાણવા મળ્યું છે.બી.જે. મેડિકલ કોલેજનાં ૪ વિદ્યાર્થીઓ મોતને ભેટ્યા છે તેની પુષ્ટિ જૂનિયર ડોક્ટર્સ એસોશિયેશન દ્વારા સ્ટેટમેન્ટ રિલિઝ કરવામાં આવ્યું છે. બીજી બાજુ પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનાં ઘરે આજે તેમના પુત્ર ઋષભ રૂપાણી પહોંચ્યા છે. તેઓ પણ બ્લડ સેમ્પલ આપશે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી આજે એફએસએલ ગાંધીનગર ખાતે પહોંચી ડીએનએ પરીક્ષણનું રિવ્યું લેશે. પરીક્ષણ પ્રક્રિયા બાદ તજજ્ઞો અને અધિકારીઓ સાથે રિવ્યુ બેઠક કરશે તેમ સૂત્રો તરફથી જાણવા મળ્યું છે. ગૃહ વિભાગના સચિવ, આઈબીના આઈજીપી એફએસએલ ડાયરેક્ટર હાજર રહ્યાં હોવાની વિગતો મળી છે. અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં કાટમાળમાંથી વધુ એક મૃતદેહ મળી આવ્યો છે, બીજી બાજુ ડીએનએ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. ૨૭૪ જેટલા લોકોનાં મોત થયા છે.વિમાન દુર્ઘટના બાદ કાટમાળમાંથી આજે એક મૃતદેહ મળ્યો છે જે એર હોસ્ટેસનો હોવાનું જણાઈ રહ્યું છે.ડીએનએ મેચ થયા બાદ મૃતદેહ કોનો છે તે સ્પષ્ટ થશે.


વીજળીના બિલને કરો (0)

Since 2013

Navkalp SOLAR

it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર



25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line +91 93 77 51 77 52

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત

કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર

*Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University*

KAMLA AMRUT INSTITUTE OF NURSING



પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

## અમદાવાદ વિમાન દુર્ઘટનાના 3 દિવસ પછી પણ મૃતદેહ મળ્યો, વિમાનમાં ફસાયેલો હતો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદમાં તાજેતરમાં થયેલા વિમાન દુર્ઘટના બાદ બચાવ કામગીરી ચાલુ છે. આ પછી, સતત ત્રીજા દિવસે કાટમાળમાંથી મૃતદેહ મળી આવ્યો છે. વિમાનની પૂંછડીમાં એક મૃતદેહ મળી આવ્યો છે. બચાવ કાર્યકરોએ શનિવારે એર ઈન્ડિયા એઆઇ-૧૭૧ વિમાનના પાછળના ભાગના કાટમાળમાંથી વધુ એક મૃતદેહ બહાર કાઢ્યો છે. વિમાન દુર્ઘટના બાદ કેન્દ્ર સરકાર દ્વારા ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. શનિવારે સમિતિના સભ્યો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આ બધા વચ્ચે, ઘટનાસ્થળે કાટમાળ દૂર કરવાનું કામ ચાલી રહ્યું છે.દરમિયાન, શનિવારે સવારે વિમાનના પાછળના ભાગમાંથી એક મૃતદેહ મળી આવ્યો હતો.

## જામનગરના દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતા યુવાન પર જુની અદાવતના કારણે હુમલો

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૪ ।

જામનગર દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતા અજય ભરતભાઈ કનખરા ઉર્ફે લાલો નામના ૨૮ વર્ષના યુવાન પર ગઈકાલે રાત્રિના જૂની અદાવતનું મન દુઃખ રાખીને ત્રણથી ચાર શખ્સોએ છરી અને લોખંડના પાઈપ વડે હુમલો કરી લોહી લુહાણ કર્યો હતો. જેથી ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો હતો, અને જ્યાં તેની ઘનિષ્ઠ સારવાર કરવી પડી હતી, અને માથામાં ટાંકા લેવા પડ્યા હતા. આ બનાવની જાણ થતાં જામનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર મનીષભાઈ કનખરા તેમજ અન્ય અગ્રણીઓ જી.જી.હોસ્પિટલમાં દોડી ગયા હતા. આ બનાવ બાદ સીટી બી.ડિવિઝનની પોલીસ ટુકડી પણ જી.જી હોસ્પિટલમાં દોડી ગઈ હતી, અને આ બનાવ અંગે ગુનો નોંધવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો હતો.

### સ્વ.પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પ્લેન ક્રેશ થતાં મોત

# રાજકોટ શહેરમાં શ્રદ્ધાંજલિનાં પોસ્ટર લાગ્યા, રેસકોર્સ ખાતે અંતિમ દર્શન થશે

### પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીનાં અંતિમ દર્શન કાર્યક્રમનું આયોજન રાજકોટ રેસકોર્સ ખાતે કરવામાં આવશે

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૧૪ ।

સ્વ.પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પ્લેન ક્રેશ થતાં મોત નિપજ્યું છે. બે દિવસથી તેમનો ડીએનએ મેચ કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. તેમના પત્ની અંજલિ રૂપાણી લંડનથી ગઈકાલે સવારે અમદાવાદ પરત ફર્યા હતા. આજે વહેલી સવારે તેમનો પુત્ર રૂષભ રૂપાણી પરિવાર સાથે અમેરિકાથી ગાંધીનગર આવ્યો છે. ડીએનએ મેચ થતાં વિજય રૂપાણીનો મૃતદેહ પરિવારને સોંપાશે. પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીનાં અંતિમ દર્શન કાર્યક્રમનું આયોજન રાજકોટ રેસકોર્સ ખાતે કરવામાં આવશે. સવારથી ભાજપનાં નેતા, કાર્યકરો તેમના પરિવારને સાંત્વના પાઠવવા તેમના નિવાસસ્થાન ગાંધીનગર અને રાજકોટ ખાતે આવી રહ્યાં હોવાની જાણકારી મળી છે. હાલ ખુરશીઓ અને જર્મન ડોમ ઊભો કરી કવિ રમેશ પારેખ રંગમંચમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ રાખવામાં આવશે.રાજકોટમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ અપાઈ રહી છે. શહેરના અનેક માર્ગો પર શ્રદ્ધાંજલિ પાઠવતા બેનર લાગ્યા છે, કિસાનપરા ચોક સહિતના વિસ્તારોમાં બેનરો લગાવાયા છે. શહેરના રાજમાર્ગો પર પણ શ્રદ્ધાંજલિ બેનરો લાગ્યા છે.જયારે આજે રાજકોટમાં શાળાઓ બંધ રાખવામાં આવી હતી લગભગ ૬૦૦ શાળાઓએ બંધ પાળી રૂપાણીને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતીવિજય રૂપાણીનાં પ



રિવારને સાંત્વના આપવા પુરૂષોત્તમ રૂપાલા ગાંધીનગર પહોંચ્યા છે. ઋષિકેશ પટેલ, જગદીશ વિશ્વકર્મા ગાંધીનગર પહોંચ્યા છે. તેમજ રૂપાણીના સગા-સંબંધીઓ રૂપાણીનાં ગાંધીનગર નિવાસસ્થાને પહોંચી રહ્યાં છે.સ્વ. વિજય રૂપાણીના પાર્થિવ શરીરને રાજકોટ સ્થિત તેમના નિવાસસ્થાને લાવવામાં આવશે. રાજકોટમાં અંતિમ સંસ્કાર બાદ, સૌરાષ્ટ્રભરના પ્રખ્યાત અને અજાણ્યા લોકો નિર્મલા રોડ પર પ્રકાશ સોસાયટી ખાતે તેમના પાર્થિવ શરીરને શ્રદ્ધાંજલિ આપવા માટે આવશે. અંતિમ સંસ્કાર માટે વિજય રૂપાણીના નિવાસસ્થાનેથી અંતિમયાત્રા નીકળશે. પોલીસ દ્વારા ટ્રાફિક વ્યવસ્થાની પણ સમીક્ષા કરવામાં આવી રહી છે. ટ્રાફિક ડીસીપી પૂજા યાદવે ટ્રાફિક વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. સ્વ.પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પ્લેન ક્રેશ થતાં મોત નિપજ્યું છે. બે દિવસથી તેમનો ડીએનએ મેચ કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. તેમના પત્ની અંજલિ રૂપાણી લંડનથી ગઈકાલે સવારે અમદાવાદ પરત ફર્યા હતા.

## અમદાવાદમાં થયેલ વિમાન દુર્ઘટનાના કારણે ટ્રોફીનું ઉદ્ઘાટન કરાશે નહીં

। પ્રતિનિધિ, નવીદિલ્હી, તા.૧૪ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૨૦ જૂનથી શરૂ થનારી ટેસ્ટ શ્રેણીની રાહ હવે સમાપ્ત થવાની છે. તે એક અઠવાડિયાથી પણ ઓછા સમયમાં હેડિંગ્લી ટેસ્ટથી શરૂ થશે. પરંતુ તે પહેલાં આ શ્રેણી તેના નામને લઈને ઘણી ચર્ચામાં છે. પૌડી ટ્રોફી તરીકે પ્રખ્યાત આ શ્રેણી હવે એન્ડરસન-તેંડુલકર ટ્રોફી તરીકે ઓળખાશે. શ્રેણી પહેલા જ આ ટ્રોફીનું ઉદ્ઘાટન થવાનું હતું પરંતુ બંને દેશોના ક્રિકેટ બોર્ડે તેને હાલ પૂરતું મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે અને તેનું કારણ અમદાવાદમાં થયેલ વિમાન દુર્ઘટના છે.છેલ્લા ઘણા વર્ષોથી ઈંગ્લેન્ડમાં પૌડી ટ્રોફી માટે રમાતી આ શ્રેણીનું નામ બદલીને આ વખતે એન્ડરસન-તેંડુલકર ટ્રોફી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ માટે, ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ અને ભારતીય ક્રિકેટ બોર્ડે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઇનલ દરમિયાન તેને લોન્ચ કરવાની યોજના બનાવી હતી પરંતુ હવે તે મુલતવી રાખવામાં આવી છે. ક્રિકબઝના એક અહેવાલમાં ખુલાસો થયો છે કે બંને બોર્ડે અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનાના પીડિતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતી વખતે આ લોન્ચ ઈવેન્ટ મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે.રિપોર્ટ મુજબ, ઈંગ્લિશ બોર્ડે ડબ્લ્યુટીસી ફાઇનલના ચોથા દિવસે લોર્ડ્સમાં આ ટ્રોફીનું લોન્ચિંગ શેડ્યૂલ કર્યું હતું. પરંતુ તેના બે દિવસ પહેલા, ૧૨ જૂને, અમદાવાદમાં એર ઈન્ડિયાનું એક વિમાન ક્રેશ થયું.

### રાજ્યના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે વરસાદ

# ખેડૂતોમાં હરખની હેલી : ગુજરાત રાજ્યના અનેક જિલ્લામાં વરસાદ શરૂ થયો, વાતાવરણમાં ઠંડક પ્રસરી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ ।

રાજ્યના પડોશમાં આવેલા સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીના વાતાવરણમાં આજે પણ પલટો આવ્યો હતો. સવારથી બપોર સુધી ગરમી અને ઉકળાટના માહોલ વચ્ચે સાંજના સમયે સેલવાસ, ટોકરખાડા સહિત આસપાસના વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ સાથે રાજ્યના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને લોકોએ ગરમી અને બફારાથી રાહત અનુભવી હતી.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને લોકોએ ગરમી અને



બફારાથી રાહત અનુભવી હતી. ત્યારે છોટાઉદેપુર જિલ્લામાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદની શરૂઆત થઈ છે. છોટાઉદેપુર જિલ્લાના ૬ એ ૬ તાલુકામાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જેમાં છોટાઉદેપુર, કવાંટ, સંખેડા, બોડેલી, પાવીજેતપુર, નસવાડીમાં પવન સાથે વરસાદ શરૂ થયો છે. વરસાદની શરૂઆત થતાં અસહ્ય ગરમી અને બફારાથી લોકોને રાહત મળી છે. કેમ કે છેલ્લા ત્રણ દિવસથી લોકો અસહ્ય ઉકળાટ સહન કરી રહ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમરેલીના ખાંભા ગીરના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદનું આગમન થઈ ચૂક્યું છે. લાંબા સમયથી ઉકળાટ અને અસહ્ય ગરમીનો અનુભવ કરી રહેલા આ વિસ્તારના લોકો માટે વરસાદ આશીર્વાદ સમાન સાબિત થયો છે. ખાંભા અને તેની આસપાસના અનેક ગામડાઓમાં ધોધમાર વરસાદનું આગમન થતાં સમગ્ર વાતાવરણમાં શીતળતા પ્રસરી ગઈ છે અને ખુશીની લહેર દોડી ગઈ છે. વરસાદના કારણે વાતાવરણમાં નોંધપાત્ર પલટો આવ્યો છે. ગરમી અને બફારાથી ત્રસ્ત લોકોને મોટી રાહત મળી છે. ખાંભાના લાસા, ધાવડીયા, ભાણિયા સહિતના ગામોમાં મેઘરાજાએ મહેર વરસાવી છે.

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી વરસાદની આગાહી મુજબ દાહોદ જિલ્લામાં પણ ભારે પવન સાથે વરસાદનું આગમન થઈ ચૂક્યું છે.

## વિમાનમાં સવાર મુસાફરો ઉપરાંત, ટાટા ગ્રુપ માર્યા ગયેલા 33 લોકોને પણ વળતર આપશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ ।

ટાટા ગ્રુપે જાહેરાત કરી છે કે તે અમદાવાદમાં થયેલા વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૩૩ અન્ય લોકોને ૧ કરોડ રૂપિયાનું વળતર આપશે. આનો અર્થ એ થયો કે ટાટા ગ્રુપે કહ્યું છે કે તે એવા લોકોને પણ વળતર આપશે જેઓ વિમાનમાં નહોતા પરંતુ આ અકસ્માતમાં પોતાનો જીવ ગુમાવ્યો છે. ઘટના સમયે, આ ૩૩ લોકો અમદાવાદમાં બીજે મેડિકલ કોલેજના કેમ્પસમાં હતા. આ કેમ્પસ અમદાવાદ એરપોર્ટની બાજુમાં આવેલું છે.ટાટા ગ્રુપે એમ પણ કહ્યું છે કે તે અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોના તબીબી ખર્ચનો ભોગ બનશે. ગ્રુપે કહ્યું છે કે તે ખાતરી કરશે કે ઘાયલોને જરૂરી સંભાળ અને સહાય મળે.યાદ અપાવવા જેવી વાત એ છે કે ટાટા ગ્રુપે વિમાન દુર્ઘટનામાં માર્યા ગયેલા ૨૪૧ લોકોના પરિવારોને ૧ કરોડ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી હતી. ટાટા ગ્રુપે કહ્યું છે કે તે બીજે મેડિકલ હોસ્ટેલના પુનઃનિર્માણમાં પણ મદદ કરશે. વિમાન દુર્ઘટનામાં આ હોસ્ટેલને ભારે નુકસાન થયું છે.ટાટા ગ્રુપ દ્વારા જાહેર કરાયેલા ૧ કરોડ રૂપિયા ઉપરાંત, અકસ્માતમાં જીવ ગુમાવનારા મુસાફરોને વીમા કંપનીઓ તરફથી લગભગ ૧.૫ કરોડ રૂપિયાનું વળતર પણ મળશે.

## ઝાલાવાડમાં ૫ વર્ષમાં ૬ બાળમજૂરને મુક્ત, ૧ લાખનો દંડ વસૂલાયો

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૧૪ ।

સુરેન્દ્રનગર જીલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૦૬ બાળકોને બાળમજૂરીમાંથી મુક્ત કરાવવામાં આવ્યા છે. જાન્યુઆરી ૨૦૨૦ થી એપ્રિલ ૨૦૨૫ સુધીમાં જિલામાં ૧૦૯ જેટલી રેડ કરીને ૦૬ બાળ શ્રમિકો અને ૩૭ તરુણ શ્રમિકો એમ કુલ ૪૩ બાળ-તરૃણ શ્રમિકોને મુક્ત કરાવ્યા છે. જે અંતર્ગત મજૂરીએ રાખનાર આવા એકમો પાસેથી કુલ રૂ. ૧ લાખ કરતાં વધુનો દંડ પણ વસૂલવામાં આવ્યો છે. જિલ્લમાં કાયદા હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં દોષિતો સામે કુલ ૧૭ ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યા છે અને કુલ ૧૨ એફ.આઈ.આર. નોંધવામાં આવી છે. તેમજ શ્રમ આયુક્ત કચેરી દ્વારા કોઈ બાળક મજુરી કરતું દેખાય અથવા જણાઈ આવે તો ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર અથવા નજીકના પોલીસ સ્ટેશન કે શ્રમ વિભાગની કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે તેમજ માહિતી આપનારની ઓળખ પણ ગુપ્ત રાખવામાં આવશે. સુરેન્દ્રનગર જીલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૦૬ બાળકોને બાળમજૂરીમાંથી મુક્ત કરાવવામાં આવ્યા છે. જાન્યુઆરી ૨૦૨૦ થી એપ્રિલ ૨૦૨૫ સુધીમાં જિલામાં ૧૦૯ જેટલી રેડ કરીને ૦૬ બાળ શ્રમિકો અને ૩૭ તરુણ શ્રમિકો એમ કુલ ૪૩ બાળ-તરૃણ શ્રમિકોને મુક્ત કરાવ્યા છે.




મૃતદેહ સ્વીકારવા આવતા સ્વજનોએ પોતાની અને મૃતકની ઓળખ માટેના દસ્તાવેજો સાથે લાવવા જરૂરી

# પાર્થિવ દેહને ઘર સુધી બાય રોડ પહોંચાડવા માટે સરકારી તંત્ર દ્વારા નિઃશુલ્ક એમ્બ્યુલન્સની વ્યવસ્થા

**સિવિલ હોસ્પિટલ દ્વારાઁ ર રિપોર્ટ અને ડેથ સર્ટિફિકેટ સહિતના તમામ કાયદાકીય દસ્તાવેજોની ફાઈલ તૈયાર અપાશે**

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૩ ।

અમદાવાદ ખાતે થયેલી એર ઈન્ડિયા વિમાન દુર્ઘટના અત્યંત દુઃખદ અને આઘાતજનક છે. આ દુર્ઘટનામાં જાન ગુમાવનાર દિવંગતોના પરિજનો પ્રત્યે સિવિલ હોસ્પિટલ તંત્ર ઊંડી સંવેદના વ્યક્ત કરી છે.




અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, પ્લેન દુર્ઘટનાની જાણ થતાં જ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે ૨૫૦ જેટલા તબીબો, નર્સ, પેરામેડિકલ સ્ટાફ અને સેવાભાવી સંસ્થાના કાર્યકરોની ટીમે તાત્કાલિક ધોરણે ઈજાગ્રસ્તોને 'ગોલ્ડન અવર્સ'માં શ્રેષ્ઠ સારવાર પૂરી પાડી હતી.આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ રાજ્ય સરકારના સતત માર્ગદર્શન અને સંકલનને પરિણામે, તમામ ઈજાગ્રસ્તોને ઝડપથી સારવાર આપી શકાઈ છે. આ ઉપરાંત, ઢ્ઢછ સેમ્પલ મેચિંગ જેવી સંવેદનશીલ કાર્યવાહી પણ ખૂબ જ સારી રીતે પાર પાડવામાં આવી રહી છે.ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (હ્લજીન્) અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (દ્ગહ્લજીેં) ના સહયોગ અને સંકલનને કારણે ઢ્ઢછ સેમ્પલ મેચિંગની કાર્યવાહી અત્યંત ઝડપથી આગળ વધી રહી છે. જેના પરિણામે ૯ ઢ્ઢછ સેમ્પલ સફળતાપૂર્વક મેચ કરવામાં આવ્યા છે, અને તેમાંથી એક મૃતદેહની ઓળખ કરીને તેમના પરિજનો પાર્થિવ દેહ સોંપવામાં આવ્યો છે.ઢ્ઢછ મેચિંગની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, મૃતકોના પાર્થિવ દેહ તેમના પરિજનોને સોંપવાની પ્રક્રિયા નીચે મુજબ હાથ ધરવામાં આવશે, જેની સર્વે સંબંધિતોને નોંધ લેવા વિનંતી છે. સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા મૃતકના જે સગાએ ઢ્ઢછ સેમ્પલ આપ્યા છે, તેમને તેમના દ્વારા નોંધાવવામાં આવેલા મોબાઈલ નંબર પર ફોન કરીને સંપર્ક કરવામાં આવશે.

પરિજનોને વિનંતી છે કે, તેઓ ફક્ત અમદાવાદ સિવિલ હોસ્પિટલના ડેઝિગ્નેટેડ નંબર પરથી અધિકૃત વ્યક્તિ દ્વારા કરવામાં આવેલા ફોન કોલને જ ધ્યાને લે. આ કોલમાં જ ઢ્ઢછ મેચ થયાની અને પાર્થિવ દેહ લેવા આવવાની જાણ કરવામાં આવશે.અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા જાહેર કરાયેલા અધિકૃત નંબરો નીચે મુજબ છે, જેનો ઉપયોગ પરિજનોનો સંપર્ક કરવા માટે કરવામાં આવી રહ્યો છે: ૯૪૨૯૯૧૫૯૧૧, ૯૪૨૯૯૧૬૦૯૬, ૯૪૨૯૯૧૬૧૧૮, ૯૪૨૯૯૧૬૩૭૮, ૯૪૨૯૯૧૬૬૦૮, ૯૪૨૯૯૧૬૬૨૨, ૯૪૨૯૯૧૬૬૮૨, ૯૪૨૯૯૧૬૭૫૮, ૯૪૨૯૯૧૬૭૭૧, ૯૪૨૯૯૧૬૮૭૫.

અમદાવાદમાં એક ભયાનક વિમાન દુર્ઘટના બની હતી

## ડીએનએ નમૂનાઓ દ્વારા ૧૬ મૃતદેહોની ઓળખ । પરિવારોને મૃતદેહો સોંપવામાં આવ્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ ।

૧૨ જૂને અમદાવાદમાં એક ભયાનક વિમાન દુર્ઘટના બની હતી. આ અકસ્માતમાં ૨૯૭ લોકોના મોત થયા છે. આ અકસ્માતના ૨૮ કલાકમાં જ વિમાનનું બ્લેક બોક્સ પણ મળી આવ્યું છે. બ્લેક બોક્સની તપાસ કર્યા પછી જ ખબર પડશે કે છેલ્લી ક્ષણોમાં વિમાનની અંદર શું ચાલી રહ્યું હતું. દરમિયાન, અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના નમૂનાઓ અને તેમના સંબંધીઓના નમૂનાઓ સાથે મેચ કરીને મૃતકોની ઓળખ કરવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં, હવે એવું સામે આવ્યું છે કે વિમાનમાં રહેલા ૧૬ લોકોના ડીએનએ નમૂનાઓ મેચ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૯ લોકોના મૃતદેહ તેમના પરિવારોને સોંપવામાં આવ્યા છે.તમને જણાવી દઈએ કે ક્રેશ થયેલા વિમાનમાં ૨૪૨ મુસાફરો હતા, જેમાંથી ૨૪૧ મુસાફરોના મોત થયા છે. આ ઉપરાંત, ૫૬ અન્ય લોકોના પણ મોત થયા છે. આ રીતે કુલ ૨૯૭ લોકોના મોત થયા છે. તમને જણાવી દઈએ કે આ અકસ્માત પછી વિમાનમાં સવાર તમામ લોકો ખરાબ રીતે દાઝી ગયા હતા. તેથી, મૃતદેહોની ઓળખ કરવી ખૂબ જ મુશ્કેલ છે. આ કારણોસર, મૃતકોના સંબંધીઓને અમદાવાદ બોલાવવામાં આવ્યા છે, જેથી ડીએનએ ટેસ્ટ દ્વારા લોકોની ઓળખ કરી શકાય. હવે ડીએનએ ટેસ્ટ દ્વારા ૧૬ લોકોની ઓળખ કરવામાં આવી છે અને તેમના મૃતદેહ તેમના પરિવારોને સોંપવામાં આવ્યા છે.

## મેટ્રીમોનિયલ સાઈટ પરથી લગ્નને બહાને ઈન્દોરની હોટલમાં બળાત્કાર ગુજારનાર વડોદરાનો યુવક પકડાયો


। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૪ ।

મેટ્રીમોનિયલ સાઈટ પરથી સંપર્ક કર્યા બાદ વડોદરાના યુવકે ઈન્દોરની યુવતી પર બળાત્કાર ગુજારતા પોલીસે યુવકને ઝડપી પાડ્યો છે.ઈન્દોરના લસુન્દ્રા વિસ્તારની યુવતી અને વડોદરાના યુવક વચ્ચે શાદી ડોટ કોમ પર પરિચય થયો હતો. બંનેની પ્રોફાઈલ મેચ થતાં બે મહિના સુધી મોબાઈલ પર સંપર્કમાં રહ્યા હતા અને ત્યારબાદ ઈન્દોરમાં મુલાકાત ગોઠવી હતી. વડોદરાનો યુવક બે દિવસ ઈન્દોરની હોટલમાં રોકાયો હતો. જે દરમિયાન બંને વચ્ચે ઝઘડો થતાં યુવકે યુવતીના મોબાઈલ નંબરને બ્લોક કરી દીધો હતો. જેથી તેણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ઈન્દોર પોલીસે વડોદરા પોલીસને જાણ કરતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે ભરત પ્રકાશ ચંદ્ર જેનાની સમૃદ્ધિ સાફલ્ય ફ્લેટ યમુના મીલ સોમા તળાવ પાસે ડભોઈ રોડને ઝડપી પાડી ઈન્દોર પોલીસને તજવીજ કરી હતી. મેટ્રીમોનિયલ સાઈટ પરથી સંપર્ક કર્યા બાદ વડોદરાના યુવકે ઈન્દોરની યુવતી પર બળાત્કાર ગુજારતા પોલીસે યુવકને ઝડપી પાડ્યો છે.ઈન્દોરના લસુન્દ્રા વિસ્તારની યુવતી અને વડોદરાના યુવક વચ્ચે શાદી ડોટ કોમ પર પરિચય થયો હતો.

## હું ટાટાને ૨ કરોડ રૂપિયા આપીશ, મારા પિતાને પાછા લાવો : ફાલ્ગુની

। પ્રતિનિધિ, અમદાવાદ,ત.૧૪ ।

એર ઈન્ડિયાના AI-૧૭૧ વિમાન દુર્ઘટનામાં પિતાના મૃત્યુથી આઘાત પામેલી પુત્રી ફાલ્ગુનીનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તેણીએ કહ્યું હતું કે જો તેઓ તેના પિતાને પાછા લાવી શકે, તો તે ટાટા ગ્રુપને ૨ કરોડ રૂપિયા આપવા તૈયાર છે. તમને જણાવી દઈએ કે અકસ્માત બાદ ટાટા ગ્રુપે મૃતકોના પરિવારજનોને ૧ કરોડ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી હતી. ફાલ્ગુની તેના પિતાના મૃતદેહની ઓળખ માટે ડીએનએ ટેસ્ટ માટે તેના લોહીના નમૂના આપવા આવી હતી, તેના નિવેદન અને ચારેબાજુ ભયના વાતાવરણ વચ્ચે, બીજે મેડિકલ કોલેજમાં લોહીના નમૂના આપવા માટે એકઠા થયેલા પરિવારોમાં નિરાશાનું વાતાવરણ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું હતું. ઘણા લોકો રડી રહ્યા હતા અને ઘણા ચૂપચાપ બેઠા હતા.ફાલ્ગુની તેના પિતાના અચાનક મૃત્યુથી ખૂબ જ આઘાત પામી છે. તેણે રડતા રડતા પૂછ્યું - શું વળતર ક્યારેય મારા પિતાને પાછા લાવી શકે છે? મારી માતા બીમાર છે, અને તેને મારા પિતાની જરૂર છે. મને તેમના પ્રેમ અને સ્નેહની જરૂર છે. "જો તેઓ મારા પિતાને પાછા લાવી શકે, જેમને હંમેશા એર ઈન્ડિયામાં મુસાફરી કરવાનું પસંદ હતું, તો હું તેમને ૨ કરોડ રૂપિયા આપીશ," ફાલ્ગુનીએ પોતાના બ્લડ સેમ્પલ આપવાની રાહ જોતા કહ્યું.સિવિલ હોસ્પિટલના અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું કે ૨૧૯ લોકોના સેમ્પલ લેવાનું પૂર્ણ થઈ ગયું છે. મોટાભાગના સંબંધીઓએ સેમ્પલ આપ્યા છે. "અમને કેટલાક વિદેશી નાગરિકો પણ મળ્યા છે. માનવ અવશેષોનું ડીએનએ વિશ્લેષણ પણ કરવામાં આવી રહ્યું છે. એકવાર મેચિંગ થઈ ગયા પછી, ઓળખ શરૂ થશે. ત્યારબાદ, મૃતદેહો સંબંધીઓને સોંપવામાં આવશે," એક અધિકારીએ જણાવ્યું. અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃતકોના ડીએનએનું વિશ્લેષણ કરવા માટે ઘણી ટીમો તૈનાત કરવામાં આવી છે.






## તંત્રી લેખ..

# હાલ ખુબ ધુંધળુ ચિત્ર

પોતાની અગાઉની અવધિમાં એક દેશ અને એક ચૂંટણી માટે વારંવાર તરફેણ કરનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તરફથી બીજી અવધિમાં આ મુદ્દે અનેક વખત વાત કરવામાં આવી ચુકી છે. જો કે આ દિશામાં હજુ કામ મુશ્કેલ લાગે છે. કારણ કે ટેકનિકલ પાસા પણ રહેલા છે. આ મુદ્દા પર ચર્ચા કરવા માટે બોલાવવામાં આવેલી બેઠકમાં ચિત્ર ધુંધળુ રહ્યુ હતુ. કુલ ૧૪ રાજકીય પક્ષોના પ્રતિનિધીઓ આ બેઠકમાં હાજરી આપવા માટે પહોંચ્યા ન હતા. કમનસીબ બાબત એ છે કે બેઠકમાં ગેરહાજર રહેલા એવા રાજકીય પક્ષોના નેતાઓ પણ સામેલ હતા જે પક્ષોના નેતાઓ દ્વારા કાયદા મંત્રાલયના સુચનનુ સ્વાગત કર્યુ હતુ. ચૂંટણી પંચ. નિતી આયોગ અને કાયદા પંચ દ્વારા આ સંબંધમાં પોત પોતાની રજૂઆત કરવામાં આવી ચુકી છે. અલબત્ત આ બેઠક શરૂઆતી પહેલ તરીકે છે. ચર્ચા તો એ પણ છે કે કેન્દ્રની મોદી સરકાર આ મામલે સંસદમાં ચર્ચા કરવા માટે પણ ઈચ્છુક છે. જો કે વિપક્ષના કેટલાક નેતાઓની ગેરહાજરીમાં આ ચર્ચાને લઈને પ્રશ્નો છે. વિપક્ષી દળોએ એક રાષ્ટ્ર અને એક ચૂંટણીને લઈને જે પ્રશ્ન ઉઠાવ્યા છે તે વાજબી છે કે કેમ. વિરોધ પક્ષો માત્ર વિરોધ કરવા માટે જ વિરોધ કરી રહ્યા છે કે કેમ તે પ્રશ્ન પણ ઉઠે છે. લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણી એક સાથે યોજવા માટેની તરફેણમાં સૌથી મોટી દલીલ એ આપી શકાય છે કે આના કારણે વારંવાર આચારસંહિતા અમલી કરવાની જરૂર પડશે નહીં. દેશમાં દર વર્ષે કોઈને કોઈ જગ્યાએ ચૂંટણી યોજાતી રહે છે. જેથી નિતીગત નિર્ણય લેવામાં સરકારને વારંવાર તકલીફ પડે છે. વિકાસની કામગીરીને પણ માઠી અસર થાય છે. મોટી બાબત એ પણ છે કે આના કારણે ચૂંટણીમાં વારંવાર કરવામાં આવતા જંગી ખર્ચને રોકી શકાય છે. સરકારી ખજાના પર બોજ પર ઘટી જશે. સાથે સાથે ચૂંટણી ખર્ચમાં કાળા નાણાં અને ભ્રષ્ટાચારના ઉપયોગને રોકવામાં પણ મદદ મળશે. અમારા બંધારણમાં લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણી દરેક પાંચ વર્ષમાં યોજવાની વ્યવસ્થા તો કરવામાં આવી છે પરંતુ આ બંને ચૂંટણી એક સાથે યોજવાને લઈને કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી. એમ જોવામાં આવે તો એક દેશ અને એક ચૂંટણીને લઈને વિચાર કોઈ નવો નથી. પહેલા પણ આ પ્રકારના પ્રશ્નો થતા રહ્યા છે. પહેલા પણ દેશમાં ચાર વખત લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની ચૂંટણી એક સાથે યોજાઈ ચુકી છે. ચૂંટણી સુધારાને લઈને સુધારાની દિશામાં એક દેશ એક ચૂંટણી માટે પણ પહેલ થઈ શકે છે. રાજનીતિમાં અપરાધીઓના પ્રવેશને રોકવામાં સફળતા મળી રહી નથી. ચૂંટણીમાં ધનબળના ઉપયોગની બાબત તો કોઈનાથી છુપાયેલી રહી નથી. એક દેશ એક ચૂંટણીને લઈને સરકારના ઈરાદા પર કોઈ શંકા હોઈ શકે તેમ નથી. જો કે વિરોધ પક્ષો તરફથી ઉઠાવવામાં આવી રહેલી શંકાઓનો નિકાલ કરવામાં આવે તે પણ જરૂરી છે. કોઈ પણ પ્રકારની શંકા રાખ્યા વગર જ તમામ સમસ્યાઓનો નિકાલ કરવામાં આવે તે જરૂરી છે. એક દેશ એક ચૂંટણીને લઈને તમામ પાસાઓ પર વિચારણા ખુબ જરૂરી છે.

# વાળ-સ્કીન માટે ફીશ ઓઈલ આદર્શ

ફીશ ઓઈલના ઘણા ફાયદા છે તે બાબત અગાઉ પણ સાબિત થઈ ચુકી છે. હવે ફરી આ વાતને અભ્યાસમાં સમર્થન મળ્યું છે. ફીશ ઓઈલ માત્ર આરોગ્ય માટે જ યોગ્ય નથી બલકે વાળ, સ્કીન માટે પણ ફીશ ઓઈલ ખૂબ જ મહત્વપૂર્ણ અને ઉપયોગી છે. આ ઉપરાંત જુદા જુદા રોગને રોકવામાં પણ ફીશ ઓઈલની ભુમિકા છે. ફીશ ઓઈલના ફાયદાઓને લઈને વારંવાર અભ્યાસ થતા રહ્યા છે. સ્વસ્થ હાર્ટને જાળવી રાખવા કોઈપણ વ્યક્તિને વધારે પ્રમાણમાં ફીશ ઓઈલ ધરાવનાર ભોજન ઉપયોગમાં લેવાની જરૂર છે.

હાર્ટના રોગના ખતરાને ઘટાડવામાં તેમા રહેલા ઉમેગા-૩ તત્વો ઉપયોગી છે. આ ઉપરાંત તે એલડીએલ કોલેસ્ટેરોલના પ્રમાણને પણ ઘટાડે છે. સાથે સાથે એચડીએલનું પ્રમાણ વધારે છે. એનડીએલ કોલેસ્ટેરોલને ખરાબ કોલેસ્ટેરોલ તરીકે ગણવામાં આવે છે. તે સારા કોલેસ્ટેરોલના પ્રમાણને વધારે છે. ફીશ ઓઈલ હાર્ટ સ્ટ્રોકને ટાળવામાં પણ ઉપયોગી સાબિત થાય છે. ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ફીશ ઓઈલ હાઈપર ટેન્શનની સારવારમાં પણ ઉપયોગી બની શકે છે. આ ઉપરાંત સ્લીમ રહેવમાં પણ મદદરૂપ બને છે. અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે વજન ઘટાડવામાં તેની ભુમિકા છે. નિયમિત પ્રમાણમાં ફીશ ઓઈલને ઉપયોગમાં લેવામાં આવે તો ખૂબ જ અસરકારક સાબિત થઈ શકે છે. અસ્થમાં જેવી શ્વાસની તકલીફ ધરાવતા લોકોને ફીશ ઓઈલ ખાવાથી ફાયદો થાય છે. સંશોધકોએ કહ્યું છે કે હાઈફીશ ડાઈટ ઉપર રહેલા બાળકોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. જુદા જુદા ગ્રુપમાં બાળકોને વિભાજિત કરીને તેમના ઉપર નજર રાખવામાં આવી હતી. હાઈફીશ ડાઈટ ઉપર થોડાક બાળકોને રાખાવમાં આવ્યા હતા. જ્યારે અન્ય બાળકોને નિયમિત ડાઈટ ઉપર રાખવામાં આવ્યા હતા. પરિણામમાં જાણવા મળ્યું કે વધુ ફીશ ખાનાર બાળકો અસ્થમાના ઓછા શિકાર દેખાયા હતા અને તેઓ વધુ સારી રીતે શ્વાસ લઈ શકતા હતા. ફીશ ઓઈલના અન્ય ઘણા ફાયદા છે. ઓમેગા-૩ ફીશ ઓઈલ કેન્સરના સૌથી સામાન્ય સ્વરૂપ પૈકીના ત્રણ સ્વરૂપોને રોકે છે.

જેમાં સ્થન કેન્સર અને પ્રોસ્ટટેટ કેન્સરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ખતરનાક સેલોને પણ મારી નાખે છે. ફીશ ઓઈલથી વાળની ખૂબસુરતી અને ચમક વધે છે. ઓમેગામાં એવા તત્વો હોય છે જે વાળના ગ્રોથને વધારે છે તથા હેરલોસને અટકાવે છે. ફીશમાં મોટા પ્રમાણમાં પ્રોટીન તત્વો હોય છે. ફીશ ઓઈલ ડ્રાય સ્કીનની સ્થિતિને પણ સુધારે છે. સગર્ભાવસ્થામાં રહેલી મહિલાઓ માટે પણ તે ઉપયોગી છે. ફિશ ઓઈલ અનેક રીતે ઉપયોગી છે.



**આજે દેશમાં ભૂ-જળની સપાટી નીચે જતા અનેક નવા પડકારો ...**

**સ્માર્ટ ફોનના પ્રયોગથી ખેતીને પણ સ્માર્ટ બનાવવામાં આવી શકે છે ઇન્ટરનેટથી પોતાના પાકના સંબંધમાં સંપૂર્ણ માહિતી મેળવી શકાય છે જો પાકમાં કોઇ પણ પ્રકારના રોગ છે તો તે અંગે પણ માહિતી મેળવી શકાય છે**

# હવે ખેતીને સ્માર્ટ બનાવવા જરૂર

**ડિજિટલ ટેકનિકના માધ્યમથી અમે ખેડુતોને જાગૃત કરી શકીએ છીએ : રાજ્ય અને જિલ્લામાં જળસ્તર અંગે ખેડુતોને વાકેફ કરી શકાય છે**

આજે દેશને ભુ જળ સ્તર ખુબ નીચે જવાના કારણે એક મોટો પડકારનો સામનો કરવાની ફરજ પડી રહી છે. ડિજિટલ ટેકનિકના માધ્યમથી અમે ખેડુતોને જાગૃત કરી શકીએ છીએ. તેમના રાજ્ય અને જિલ્લામાં જળ સ્તર કેવુ છે તેને લઈને વાકેફ કરી શકીએ ચીએ. જેના કારણે જળના સદઉપયોગ કરીને વધારે નફો ખેડુતો મેળવી શકે છે. દેશમાં આશરે ૫૭ ટકા વસ્તી ૩૦ વર્ષથી નીચેની વયની છે.

જે લોકોની વસ્તી આશકે ૭૫ કરોડની આસપાસ પહોંચે છે. જેમાંથી ૧૦ કરોડ વિદ્યાર્થીઓ શિક્ષણ અને રોજગાર મેળવી રહ્યા છે. જો આ તમામ ગ્રામીણ યુવાનોને કૃષિ ડિજિટલ ટેકનિકનો ઉપયોગ કરવાની ટ્રેનિંગ આપવામાં આવે તો આના કારણે એકબાજુ રોજગારીની તક સર્જાશે અને બીજી બાજુ અમારા કૃષિ ઉત્પાદનમાં વધારો પણ થશે. સ્માર્ટ ફોનના પ્રયોગથી ખેતીને પણ સ્માર્ટ બનાવવામાં આવી શકે છે. ઈન્ટરનેટથી પોતાના પાકના સંબંધમાં સંપૂર્ણ માહિતી મેળવી શકાય છે. જો પાકમાં કોઈ પણ પ્રકારના રોગ છે તો તે અંગે પણ માહિતી મેળવી શકાય છે. સ્માર્ટ ફોનથી ફોટો મોકલીને નિષ્ણાંતોના અભિપ્રાય મેળવી શકાય છે. ભારતમાં ડિજિટલ ટેકનિકનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. આજે દેશના ગ્રામીણ ક્ષેત્રોમાં રહેતા લોકોના હાથમાં પણ આપને મોબાઈલ ફોન



જોવા મળી શકે છે. તેઓ મોબાઈલ ફોન પર માત્ર વાત જ કરતા નથી બલ્કે ફેસબુક, વોટ્સ એપ જેવા સોશિયલ મિડિયાનો પણ ઉપયોગ કરે છે. આ પ્લેટફોર્મનો મોટા પાયે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેથી આ ડિજિટલ ટેકનિકનો ઉપયોગ કરીને ખેતીમાં પણ લાભ અને ફાયદા મેળવી શકાય છે. ડિજિટલ ટેકનિકનો ખેતીમાં ઉપયોગ કરવાની વ્યાપક તક રહેલી છે. માત્ર જરૂર છે તો આ ક્ષેત્રમાં ટેકનિકનો વધારે સારો ઉપયોગ કરવાની છે. આજે દેશમાં ૧૨ કરોડ ખેડુતોસીધી રીતે ખેતી અને ખેતી સાથે જોડાયેલા કારોબારમાં જોડાયેલા છે.જુદા જુદા અભ્યાસ અને દાખલા મારફતે સાફ થઈ ગયુ છે કે ડિજિટલ ટેકનિકના ઉપયોગને વધારી દેવાથી કૃષિ ક્ષેત્રમાં ઉત્પાદન આશરે ૧૦ ટકા અને ઉત્પાદકતામાં આશરે પાંચ ટકાનો વધારો થઈ શકે છે.

આ ઉપરાંત ઉત્પાદનની ગુણવત્તાને સુધારી દેવામાં પણ મદદ મળે છે. ખેડુતોની રોકડ આવકમાં પણ આને કારણે વધારો થઈ શકે છે. સૌથી મોટા દાખલા હાલમાં હરિયાણા, પંજાબ, ઓરિસ્સા અને બિહારમાં જોવા મળ્યા છે. ત્યાં કયા ક્ષેત્રમાં અનાજને કેટલા પ્રમાણમાં પાણીની જરૂર છે, છોડને કેટલા અંતર પર રાખવાની જરૂર છે, કયાં ક્યા સમય પર ખેતીના ક્ષેત્રમાં કેટલા પ્રમાણમાં ખાતર આપવાની છે તે અંગે માહિતી મળી જાય છે. આ તમામ બાબતોનુ ધ્યાન ડિજિટલ ટેકનિકના મારફતે રાખવામાં આવે છે. આનુ પરિણામ એ આવ્યુ છે કે અનાજના ઉત્પાદન અને ઉત્પાદકતામાં ઉલ્લેખનીય વધારો થયો છે. છેલ્લા ચાર વર્ષના ગાળામાં અનાજનુ ઉત્પાજન ૧૦.૩૬ કરોડ સુધી વધીને ૧૧.૫૦ કરોડ સુધી પહોંચી ગયુ છે. ખેડુતને ડિજિટલ ટેકનિકનો ઉપયોગ કરીને હવામાનની માહિતી પણ આપી શકાય છે. દેશમાં આજે જમીન પાણી સ્તર નીચે જતા અનેક પ્રકારના પડકારોની સ્થિતીમાં છે. ડિજિટલ ટેકનિકનો ઉપયોગ કરીને અમે તમામ પ્રકારની માહિતીનો ઉપયોગ કરી શકીએ છીએ. પાકને વિવિધ પ્રકારના જંતુ અનેબિમારીથી બચાવી શકાય છે. દેશમાં કરોડો ગ્રામીણ યુવાનો ગામમાં રોજગારી મેળવી લેવા માટે પ્રયાસ કરે છે. તાજેતરમાં આંતરરાષ્ટ્રીય આર્થિક સંસ્થાના કહેવા મુજબ આશરે ૩૦ ટકા યુવાનોને શિક્ષણ અને રોજગારીની પુરતી તક મળી રહી નથી.

અમારા દેશની આશરે ૫૭ ટકા વસ્તીની વય ૩૦ વર્ષની નીચેની રહેલી છે. જે આશરે ૭૫ કરોડની આસપાસની વસ્તી બેસે છે. જેમાંથી માત્ર ૧૦ કરોડ વિદ્યાર્થીઓ જ શિક્ષણ અને રોજગાર મેળવી રહ્યા છે. જો આ ગ્રામીણ યુવાનોને ટ્રેનિંગ આપવામાં આવે તો સીધો ફાયદો થઈ શકે છે. આના કારણે યુવાનોને રોજગારીની સાથે સાથે કૃષિનુ ઉત્પાદન પણ વધી શકે છે. જો આ ગ્રામીણ યુવાનોને કૃષિમાં ડિજિટલ ટેકનિકનો ઉપયોગ કરવાની ટ્રેનિંગ આપવામાં આવે તો આના કારણે રોજગારની વ્યાપક તક સર્જાશે. આના કારણે ખેડુતની આવક પણ વધી શકે છે. ગ્રામીણ ક્ષેત્રમાં દર મહિને ૧૦ લાખ બેરોજગાર યુવાનો વધી રહ્યા છે. તેમને રોજગારી આપીને ઉત્પાદન વધારી દેવાની બાબત પ્રાથમિકતા રહે તે જરૂરી છે.



**બાળક તો બાળક જ છે તેમને ક્યાં હાઇજીનની માહિતી હોય છે...**

**ભલે ઇન્ફેક્શનનો શિકાર થયેલા આ ૩૦ લાખ બાળકોને રસી મારફતે ૨૦ લાખ બાળકોને બચાવી લેવામાં સફળતા મળી રહી છે ચિંતાજનક બાબત એ છે કે આ સંખ્યા સતત વધી રહી છે એક નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં ૪૭ ટકા બાળકો કુપોષણનો શિકાર છે**

# વર્ષે ૩૦ લાખ બાળકોને ઇન્ફેક્શન

**બાળકોને ગંદા હાથે જમતા અને ધુળભરેલી જગ્યાએ પણ રમતા જોઇ શકાય છે : આવા બાળકોમાં હેલ્થ સંબંધી તકલીફ ઘણી હોઇ શકે છે**

બાળક તો બાળક છે. તેમને હાઈજીન અંગે ક્યાં કોઈ માહિતી હોય છે. આ જ કારણસર બાળકોને ગંદા હાથે જમતા અને ધુળ ભરેલી જગ્યાએ પણ રમતા જોઈ શકાય છે. તે બાબત સ્વાભાવિક છે. પરંતુ આ વાત પણ ૧૦૦ ટકા સાચી છે કે આવા જ માસુમ બાળકોમાં હેલ્થ સંબંધી તકલીફ વધારે રહે છે. તેમનામાં અનેક પ્રકારની તકલીફ હોઈ શકે છે. એમ પણ હવામાન લગતી તકલીફમાં બાળકો વારંવાર ફસાતા રહે છે. ગંદકી અને પરસેવાથી બાળકોને કેટલીક તકલીફ થઈ શકે છે. વિશ્વ આરોગ્ય સંગઠનના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દુનિયાભરમાં દર વર્ષે ૩૦ લાખ બાળકો ઈન્ફેક્શનના શિકાર થઈ જાય છે. ભલે ઈન્ફેક્શનનો શિકાર થયેલા આ ૩૦ લાખ બાળકોને રસી મારફતે ૨૦ લાખ બાળકોને બચાવી લેવામાં સફળતા મળી રહી છે. ચિંતાજનક બાબત એ છે કે આ સંખ્યા સતત વધી રહી છે. એક નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં ૪૭ ટકા બાળકો કુપોષણનો શિકાર છે. હકીકતમાં ગંદકીના કારણે પેટમાં ઈન્ફેક્શનની શક્યતા વધારે રહે છે. જેના કારણે જરૂરી તત્વો પેટની બહાર નિકળી જાય છે. જેની સીધી અસર દિમાગ પર પડે છે. ભોજન પહેલા હાથ સાફ ન કરવાની ટેવ, પાર્કમાં દુષિત પાણી પીવા અનેમાટી ખાઈ લેવા જેવી ટેવ બાળકોમાં રહે છે. આ પ્રકારની એક સમસ્યા કૌલરા ઈન્ફેન્ટમના સકંજામાં બાળકો આવી જાય છે. આ એક પ્રકારની ડાયરિયાની સ્થિતી જ છે. સમર ડાયરિયામાં બાળકને વારંવાર લુઝ મોશન થઈ જાય છે. શરીરમાં પાણીની



કમી થઈ જાય છે. બાળક કમજોર બની જાય છે. ગરમીમાં બાળકોને કેટલાક પ્રકારની સ્કીન તકલીફ પણ થાય છે. આ ૨૫થી ૩૦ પ્રકારની હોય છે. જો હાઈજીન પર ધ્યાન રાખવામાં ન આવે તો પરેશાની વધી શકે છે. પરસેવો થવાના કારણે સ્કીન પરના પોરેસ બંધ થઈ જાય છે.

બાળકોને કોઈ પણ પ્રકારની પરેશાનીથી બચાવી લેવા માટે તે સાફ સુથરા રહે તે જરૂરી છે. પર્સનલ હાઈજીનના મામલે બાળકોને માહિતી આપવી જોઈએ.તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાં આવ્યું છે કે હોસ્પિટલમાં થતા બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે માત્ર ભારતમાં દર વર્ષે જન્મના પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોના મોત થઈ જાય છે. અભ્યાસમાં ચોંકાવનારા તારણ સપાટી પર આવ્યા બાદ આરોગ્યને લઈને ભારતમાં નવજાત શિશુના મામલે ગંભીર ચિત્ર સપાટી પર આવ્યું છે. સેન્ટર ફોર ડીસીઝડાયનેમિક્સ ઈકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૧૦ લાખ ભારતીય નવજાત શિશુ દર વર્ષે લાઈફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૦૦૦૦ જેટલાં નવજાત શિશુના મોત બેક્ટેરિયલ ઈન્ફેક્શનનાં કારણે થાય છે. સેપ્સીસ અથવાતો બેક્ટેરિયલ ઈન્ફેક્શન સારવાર થઈ શકે તે પ્રકારનો રોગ છે. નિષ્ણાંતોનું કહેવું છે કે બેક્ટેરિયલ ઈન્ફેક્શન હોસ્પિટલમાં લાગતા ઈન્ફેક્શનનાં કારણે થાય છે. પુખ્ત વયના લોકો દ્વારા ઉપયોગ કરવામાં આવતાં કેટલાંક બાળકોનાં મોત થાય છે. યોગ્ય માર્ગદર્શન નહીં મળવાથી અથવા તો આડેધડ દવાનો ઉપયોગ કરવાથી બાળકોનાં મોત થાય છે. નવજાત શિશુ સામે કામ કરતાં બેક્ટેરિયાને અમે મજબૂત બનાવી દઈએ છીએ. નવજાત શિશુમાં રોગપ્રતિકારક શક્તિ ખૂબ ઓછી રહે છે. આવા બાળકોને ખૂબજ સંભાળની જરૂર પડે છે. એન્ટીબાયોટિક રજીસ્ટન્સ અથવા તો એબીઆર સામે લડવા ઉપયોગી એન્ટીબાયોટિકનો ઉપયોગ વધે તે અતિ જરૂરી છે. ભારતમાં નવજાત શિશુ અને બાળકને જન્મ આપનાર માતાનો દર ઉંચો છે. વિશ્વનાં અન્ય દેશોની સરખામણીએ ભારતમાં આ દર વધુ છે. બાળકનાં જન્મ વેળા ભારતમાં ઘણી મોટી સંખ્યામાં મહિલાઓનાં મોત થાય છે અને આના માટે મુખ્ય કારણ બેદરકારી છે. પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોનાં મોતનો આંકડો પણ ઓછો નથી..બાળકોને દરરોજ કસરતની ટેવ પાડવામાં આવે તો તેના કારણે ફાયદો થાય છે. દરરોજ બે વખત સ્નાન કરવાની ટેવ પાડવાની જરૂર હોય છે. બે વાર સ્નાન કરવાથી પરસેવામાં એકત્રિત થયેલા બેક્ટિરિયા બોડીથી દુર થઈ જાય છે. જેથી સ્કીન તકલીફની શક્યતા ઓછી થઈ જાય છે.

# કેટલાક લોકો તો પાર્ટ ટાઇમ નોકરી કરીને પણ એક્સ્ટ્રા ઇનકમ મેળવી લેવામાં સફળ રહે છે

આધુનિક ભાગદોડના સમયમાં અને મોંઘવારીના સમયમાં દરેક પગારદાર વ્યક્તિત વધારાની આવક મેળવી લેવાના પ્રયાસ કરે છે અને આના માટે જુદા જુદા પ્રયોગો કરતા રહે છે. જાણકાર લોકો કહે છે કે વધારાની આવક અથવા તો એકસ્ટ્રા ઈનમક મેળવી લેવાના જુદા જુદા વિકલ્પ છે. પરંતુ જો ઘરે બેઠા જ ઈન્ટરનેટ મારફતે એકસ્ટ્રા પૈસા આવવા લાગી જાય તો તેના કરતા સારી બાબત શુ હોઈ શકે છે. કેટલાક લોકો પાર્ટ ટાઈમ કામ કરીને પણ જંગી આવક મેળવી લેવામાં સફળ રહે છે. પાર્ટ ટાઈમ કામ પણ જો સારી આવકની સાથે હોય તે બાબત વધારે સારી સાબિત થઈ શકે છે.

યુનિફોર્મ રિસોર્સ લોકેટર પણ એક એવુ કામ છે જેના કારણે સારી કમાણી કરી શકાય છે. આના મારફતે કેટલાક લોકોએ તો એક મહિનામાં જ હજારો રૂપિયાની કમાણી કરવા લાગી ગયા છે. અમે હમેંસા ઈન્ટરનેટ મારફતે કઈ રીતે કમાણી કરી શકાય છે તે અંગે માહિતી આપતા રહીએ છીએ. યુનિફોર્મ રિસોર્સ લોકેટરથી કમાણી કઈ રીતે કરવામાં આવે તે બાબત પણ આજે અમે ચર્ચા કરવા જઈ રહ્યા છીએ. આ ઈન્ટરનેટ મારફતે કમાણી કરવાના સૌથી લોકપ્રિય સાધન તરીકે છે. યુનફોર્મ રિસોર્સ લોકેટર શુ છે તે અંગે સૌથી પહેલા પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. આનો જવાબ એ છે કે યુનિફોર્મ રિસોર્સ લોકેટર એક એક માધ્યમ છે જેના કારણે સરળતાથી કોઈ પણ લિન્ક શેયર કરવામાં આવી શકે છે.

સોશિયલ મિડિયા પર આ ટ્રેડ પણ કરે છે. હકીકતમાં નાના યુનિફોર્મ રિસોર્સ લોકેટર લિન્કને ઈન્ટરનેટ પર સરળતાથી રિડાયરેક્ટ કરી શકાય છે. આ કોઈ પણ સંસ્થાને લોકેટ કરવામાં મદદ કરે છે. ઈન્ટરનેટ પર વાયરલ થનાર મેસેજ,વિડિયો અથવા તો ફોટો પણ તેના દ્વારા વાયરલ હોય છે. ગુગલ જેવી મોટી સંસ્થા યુનિફોર્મ રિસોર્સ લોકેટરને નાના કરવા જેવી સેવા આપે છે. ઈન્ટરનેટ મારફતે આના દ્વારા કમાણી કઈ રીતે થશે તે સીધો પ્રશ્ન છે. ઈન્ટરનેટ પર સોશિલ મિડિયા પર અમે કેટલીક ચીજો શેયર કરીએ છીએ. યુઆરએલ મારફતે કમાણી કરવા માટે જરૂર છે કે તમે યુઆરએલને નાના કરીને તેને સોશિયલ







મિડિયા પર શેયર કરવામાં આવે. આપના દ્વારા શેયર કરવામાં આવેલા યુઆરએલ પર ફ્લેશ થનાર એડને જેટલા યુજર્સ નિહાળે છે તે દ્રષ્ટિથી કંપની આપને પેમેન્ટ કરે છે. લાઈક અને વિજિબિલિટીની દ્રષ્ટિએ આપની કમાણી નક્કી કરવામાં આવે છે. કઈ કંપની તક આપે છે તે અંગે પુછવામાં આવતા પ્રશ્નનો જવાબ એ છે કે એડએફડોટ એલવાય વેબસાઈટને સૌથી વિશ્વાસપાત્ર માનવામાં આવે છે. આના કારણે તમે યુઆરએલને શોર્ટ કરીને સરળતાથી પૈસા કમાવી શકાય છે. આના પર કેટલાક ફિચર્સ રહેલા છે. તેમાં લઘુતમ પેમેન્ટ પાંચ ડોલર છે. જેની ચુકવણી પે પોલના મારફતે આપના બેંક ખાતામાં આવે છે.

આપના દ્વારા ઉભા કરવામાં આવેલા યુઆરએલ પર કેટલા હિટ્સ આવે છે તેના અંગે પણ માહિતી મળે છે. વેબસાઈટ દ્વારા નક્કી કરવામાં આવેલા યુઆરએલ પર દરેક દેશમાં અલગ અલગ રેટ નક્કી કરવામાં આવેલા છે. જે કાસ્ટ વ્યુ પર આધારિત હોય છે. ભારતમાં આ ૧.૦૯ ડોલર પ્રતિ ૧૦૦૦ વ્યુ છે. એટલે કે ૭૦.૮૫ રૂપિયાની દ્રષ્ટિએ નાણાં ચુકવે છે. ઘેર બેઠા દરરોજ હજારો રૂપિયાની કમાણી કરી શકાય છે. એડીવી ડોટ -૨ પરથી પણ યુઆરએલને નાના કરીને એક ચોક્કસ રકમ મેળવી શકાય છે. તેમાં ખાસ બાબત એ છે કે તેના પર તમે એક વખતમાં ૧૦૦ અથવા તો તેનાથી વધારે યુઆરએલ એક સાથે નાના કરીને કામ કરી શકો છો. આ વેબસાઈટ પર પરફોર્મિંગ મીટર દ્વારા કેટલાક પગલા લેવામાં આવે છે. અલબત્ત ભારતમાં તેના દ્વારા મળતી રકમ પ્રમાણમાં ઓછી છે. આ વેબસાઈટ ભારતમાં એક લિન્ક પર ૧૦૦૦ વ્યુ આવવાની સ્થિતીમાં ૦.૪૧ ડોલર અથવા તો ૨૬ રૂપિયા આપે છે. લિન્ક બક્સ પણ આ રીતે કામ કરે છે. આના મારફતે યુઆરએલને નાના કરીને પોતાના સોશિયલ નેટવર્ક પર અથવા તો પોતાની વેબસાઈટ પર શેયર કરી શકાય છે. ભારતમાં આ વેબસાઈટસ ૦.૯૧ ડોલર અથવા તો ૫૮ રૂપિયા પ્રતિ વ્યુ આપે છે. હાલમાં એક્સ્ટ્રા આવકની બોલબાલા છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

